**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં લૉકડાઉનને પગલે મીઠાઈની દુકાનોને ૬૦ લાખનું નુકસાન

ગાંધીનગર, તા.૭
કોરોના ઈફેકટને કારણે શહેરમાં લૉકડાઉનનું પાલન કરવામાં આવી રહ્યું છે. દૂધ, શાક, ફળ તેમજ મેડિકલ સ્ટોર સિવાય તમામ ચીજવસ્તુઓનું વેચાણ હાલ બંધ છે. નગરમાં નમકીન અને મીઠાઈની દુકાનો પણ બંધ હોવાથી મીઠાઈના રસિયાઓ હાલ ગળ્યું ખાધા વગર ચલાવી રહ્યા છે. સાથે મીઠાઈની દુકાન ચલાવનાર વેપારીઓને પણ લોક ડાઉન બાદ હાલ સુધી દુકાન બંધ રાખવાથી ખાસ્સું એવું નુકસાન ભોગવવું પડ્યું છે.

નગરમાં ડેરી પ્રોડકટ્સના વેચાણની છુટ આપવામાં આવી છે. ઉપરાંત ઘણી દુકાનોમાં હજુ નમકીન અને પેકેટ નમકીન વેચાઈ રહ્યા છે. પરંતુ નગરના નમકીન બનાવનાર વેપારીઓને સરકાર દ્વારા કોઈપણ પ્રકારની છૂટ આપવામાં આવી નથી. જેને લીધે નગરજનો નમકીનથી વંચિત રહ્યા છે. કોરોના અને તેના લીધે થયેલા લોક ડાઉન ને કારણે તમામ ધંધા-રોજગારમાં અસર થઈ છે તેમ કહી શકાય પરંતુ જો મીઠાઈ અને નમકીનની દુકાન ની વાત કરીએ તો તેઓને પણ ખાસ્સું એવું નુકસાન ભોગવવું પડી રહ્યું છે.



નગરના રાધે સ્વીટસ માલિક વિપુલભાઈના જણાવ્યા અનુસાર દેશ માટે જો લોકડાઉન ફાયદાકારક છે તો તેને અનુસરવામાં કોઈ જ વાંધો નથી અમને થતાં કુલ વેપારમાંથી ખાસી એવી ખોટ થઈ છે. અમારા એકની નહિ પરંતુ આ ધંધા સાથે જોડાયેલ નગરના તમામ વેપારીઓની વાત કરું તો ૨૨ માર્ચ થી લઈ અત્યાર સુધી ધંધો સાવ ન કરવાથી નગરના તમામ મીઠાઈની દુકાનોને લગભગ ૫૦ થી ૬૦ લાખનું નુકસાન થયું છે. અમારા એસોસિએશનના પ્રમુખ તથા અન્ય સભ્યો એ જઈને માનનીય કલેકટર સમક્ષ ડેરી અને બેકરી પ્રોડકટ સાથે નમકીનનું વેચાણ શરૂ કરવા માટે અરજી કરવામાં આવી હતી ત્યારે તેમ કહેવામાં આવ્યું કે અહીંયાથી મુખ્યમંત્રીશ્રી ને આ બાબતે પૂછવામાં આવશે અને પછી જણાવાશે. તે વાતને આજે ૧૫ દિવસ થઈ ગયા હોવા છતાં કોઈ જવાબ આવ્યો નથી. આમ ને આમ રહ્યું તો નગરના તમામ મીઠાઈના દુકાનદારોને ધંધામાં વધુ ને વધુ ખોટ ભોગવવી પડશે.

## આજે શાકભાજી કયાં-કયાં

**શુક્રવારે કયાં કયાં મધુર શાકભાજી મળશે**

| સ્થળ | સમય |
|---|---|
| ઘ-૫ મધુર પાર્લર (દરરોજ) | ૪ થી ૬ |
| સેકટર-૨૮, મધુર પાર્લર (દરરોજ) | ૪ થી ૬ |
| ડેરીના મુખ્ય ગેટ પાસે, સે-૨૫ (દરરોજ) | ૪ થી ૬ |
| કુડાસણ, મધુર પાર્લર | ૪ થી ૬ |
| સરગાસણ, ટીપી સ્કીમ | ૪ થી ૬ |
| રાયસણ ટીપી સ્કીમ | ૪ થી ૬ |
| સે-૧૯ અને ૨૦ (ઈન્કવાયરી ઓફિસ પાસે) | ૪ થી ૬ |
| સે-૮ (ગાંધીનગર સમાચાર ઓફિસ) | ૪ થી ૬ |
| અમૂલ ફેડ ડેરી | ૪ થી ૬ |
| જીઈબી પેથાપુર | ૪ થી ૬ |

**નોંધ : આપની સોસાયટીના રહીશો માટે નીચેના નંબર પર વોટસએપ કરવાથી બીજે દિવસે સાંજે ૪ થી ૬ ઓર્ડર મુજબ શાકભાજી પહોંચાડવામાં આવશે.**
**વોટસએપ નંબર : ૭૩૮૩૫૬૩૮૬૧, ૭૨૨૮૮૭૬૦૩૧**

# કાળઝાળ ગરમીમાં યુપી જવા પગપાળા નીકળેલા શ્રમજીવીઓ

**હાઈવે ઉપર ઠેર ઠેર પોલીસ છતાં મજબૂર શ્રમજીવીઓને ભોજન-પાણીનાં વલખાં, કોઈ વ્યવસ્થા ન થતા વતન જ એક માત્ર વિકલ્પ : શ્રમજીવીઓની વ્યથા**

ગાંધીનગર, તા.૭
કોરોનાના વ્યાપને અટકાવવા લૉકડાઉન લંબાવી દેવાયું હતું ત્યારે રાજયમાં પરપ્રાંતિય શ્રમજીવીઓ કામકાજ અને નાણાં વગર બેબાકળા બન્યા છે. નેશનલ હાઈવે નં. ૮ ઉપર નાના ચિલોડાથી હિંમતનગર વચ્ચે કાળઝાળ ગરમીમાં આ શ્રમજીવીઓ વતન ઉત્તરપ્રદેશ જવા નીકળી પડયા છે. વ્યવસાયકારોએ એકાદ માસ સુધી તમામ વ્યવસ્થા કર્યા પછી હવે તેઓ પણ આ શ્રમજીવીઓ માટે અસહાય બન્યા છે. નાણાં વગર અન્ય કઈ વ્યવસ્થા ન થતાં વતન જ એક માત્ર વિકલ્પ સમજી આ શ્રમજીવીઓએ પગપાળા પ્રયાણ શરુ કરી દીધુ છે. જો કે હાઈવે ઉપર ઠેર ઠેર પોલીસ તથા તંત્ર હાજર હોવા છતાં આ શ્રમજીવીઓને ભોજન-પાણીના વલખાં પડી રહ્યા હોવાનો બળાપો ઠાલવી રહ્યા છે. જેમાં વળી કેટલાક દયાળુ ગ્રામજન તરફથી ભોજન આપી માનવતાની મહેંક પ્રસરાવી રહ્યા છે.

નાના ચિલોડા નજીકની જીઆઈડીસીમાં કામ કરતા શ્રમજીવીઓ પૈકી આમોદ નામના શ્રમજીવીએ હકીકત વર્ણવતા જણાવ્યું હતું કે જીઆઈડીસીના ફેકટરી માલિકોએ એકાદ માસ સુધી અમોને પૂર્ણ રૂપે મદદ કરી હતી પરંતુ કામકાજ ન નીકળતાં તેઓ પણ અસહાય બન્યા હતા. દરમિયાન અમારી પાસે પણ નાણાં તેમજ અન્ય કોઈ કામ ન હોવાથી અમારી પરિસ્થિતિ વિકટ બની હતી. જેમાં સરકાર તરફથી વતન જવા અંગેની ઉભી કરાયેલી વ્યવસ્થામાં પણ ઘણો લાંબો સમય નીકળી જવાની શકયતા વચ્ચે અમારી હાલત કફોડી બનતી જઈ રહી હતી તેથી ના છૂટકે મજબૂર બની અમારા વતન ઉત્તરપ્રદેશ તરફ જવા અમો પગપાળા નીકળ્યા છીએ. બુધવારના રોજ કાળઝાળ ગરમીમાં ચિલોડાથી આગળ અને મજરા ચોકડી નજીક ઘડીકવાર વિસામો કરવા બેસેલા આ શ્રમજીવીઓ દયામણા ચેહરે મદદની ભીખ માંગી રહ્યા હતા.



# નિયમોનું પાલન ન કરતા વેપારીઓ સહિત નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૭
સમગ્ર ભારત સહિત ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કોહરામને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે લોકડાઉનમાં તંત્ર દ્વારા જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની દુકાનોને સવાર સાંજ છુટછાટ આપવામાં આવે છે. વેપારીઓને આપવામાં આવતી છુટછાટમાં પણ નિયમોનું પાલન કરવાનું હોય છે. પરંતુ કેટલાક વેપારીઓ દ્વારા પાલન કરવામાં આવતુ નથી ત્યારે એલસીબીએ સેકટર-૨૨માં પાર્થવી મેડીકલ સ્ટોર ખાતે માસ્ક વિના બેઠેલા જગદીશભાઈ બળદેવભાઈ પટેલ, સેકટર-૨૪ ખાતે કરીયાણાની દુકાન પર ભીડ એકઠી કરનાર પંકજ વિજયભાઈ મહેશ્વરી અને સુરેશભાઈ છગનલાલ જયસ્વાલ (સે-૨૬)સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ચિલોડા પોલીસે માસ્ક કે મોજા તેમજ સોશ્યિલ ડિસ્ટન્સ ન જાળવતા ધણપ ગામે કિરાણા સ્ટોરના ચાલક અશોકકુમાર શીવલાલ પ્રજાપતિ અને દશેલા ખાતે કાળાજી બાદરજી સોલંકી સામે કાર્યવાહી કરી હતી. ચિલોડા સર્કલ પર માસ્ક વિના ડબલ સવારી જતા મોટી શિહોલીના ખોડાજી બકાજી ઠાકોર અને જીગરજી નટવરજી ઠાકોરને પકડી પાડ્યા હતા. જયારે એકટીવા પર ત્રણ સવારી નીકળેલા આદીવાડાના ચમન દંતાણી સામે સીસીટીવી ફુટેજને પગલે ફરીયાદ નોંધાઈ હતી. તો બીજી તરફ ટીંટોડા ગામે રીક્ષામાં મુસાફર ભરીને નીકળેલા સંજય અરવિંદજી ઠાકોર, પેથાપુર રાંધેજા મોર્નિંગ વોક માટે નીકળેલા દશરથભાઈ મોહનભાઈ દેસાઈ અને રસીકભાઈ કાળીદાસ પટેલ, અને ખ માર્ગ પરથી રણછોડભાઈ પ્રહલાદભાઈ પટેલ અને ધનજીભાઈ ત્રિકમભાઈ પટેલને પકડી કાર્યવાહી હાથ ધરી હતી. જયારે સેકટર-૨૫ ખાતે સરકારી વસાહત ખાતે બાઈક પર સોપારીનું વેચાણ કરતા બે નાગરીકો પકડી પાડ્યા હતા. પોલીસને તેમની પાસેથી ૧ કિલો સોપારી મળી આવી હતી. પોલીસે કરણ કાંતિભાઈ નાયક, અને ચિરાગ રણજીતભાઈ બારીયા સામે ગુનો નોંધ્યો હતો. લોકડાઉન વચ્ચે કામવિના આંટાફેરા મારતા નાગરીકો પોલીસની ઝપટે આવી ગયા હતા. જેમાં મગોડીથી ૨, સાદરાથી ૧, ઈસનપુર મોટા થી ૨, ગલુદણથી ૧, ડભોડા થી ૪, લવારપુરથી ૨, વલાદથી ૧, વડોદરાથી ૧, રાંધેજાથી ૧, સેકટર-૨૧ થી ૨, સે-૧૬ થી ૨, સે-૨૭ થી ૧, ગ-૬ સર્કલ પાસેથી ૨, સેકટર-૪ થી ૨, સેકટર-૧ થી ૩, સે-૩ થી ૧, સે-૧૩ થી ૨, તેમજ વાવોલથી ૧, સરગાસણથી ૧ વ્યકિતને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



હાલ કોરોનાને કારણે ભોગવવી પડતી મુશ્કેલીઓ સામે લડત આપવા નગરના જરૂરિયાતમંદોને મદદ કરવા અનેક સેવાભાવીઓ આગળ આવ્યા છે. હાલમાં જ વોર્ડ નંબર-૩ના કોર્પોરેટર પ્રિતીબેન ધવલકુમાર દવે દ્વારા પોતાના વિસ્તારના જરૂરીયાતમંદ પરીવારને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ સેવા કાર્યમાં સ્થાનિક અગ્રણીઓ વિનોદભાઈ શાહ, જયેશભાઈ મહેતા અને ભરતભાઈ શાહ પણ જોડાયા હતા.



ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર નવી નવી ઈમારતો અને કોમર્શિયલ કોમ્પ્લેક્ષ બની રહ્યા છે. ઈમારતોના જંગલ વચ્ચે ગ્રીનસીટી ગાધીનગરનું ખરું હાર્દ કયાંક ખોવાઈ રહ્યું છે. હવે ઈમારતોના જંગલની વચ્ચે થોડાક વૃક્ષો અને કયાંક કયાંક નાના ખેતરોના ટુકડા જોવા મળી જાય છે. ન્યુ ગાંધીનગરમાં પીડીપીયુ રોડ પર આવેલા નાનકડા ખેતરમાં બેસીને અભ્યાસ કરતો આ ખેડુ યુવાન આધુનિક ભારતનું પ્રતિનિધિત્વ કરે છે પોતાના ખેતરમાંથી શાકભાજીનું સીધું વેચાણ કરે છે અને સાથે જ અભ્યાસમાં પણ ખૂબ મહેનત કરે છે.

## વાવોલના શાલિન-૪ એપાર્ટમેન્ટમાં હેલ્થ સ્ક્રિનિંગ



વાવોલમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ સામે આવતા આરોગ્ય કેન્દ્ર દ્વારા વિવિધ સોસાયટીઓમાં નાગરિકોનું હેલ્થ સ્ક્રિનિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે જે અંતર્ગત આજે વાવોલની શાલિન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં રહીશોનું થર્મો સ્કેનર ગન દ્વારા સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વાવોલની બે સોસાયટીમાં હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

## સેકટર-૨૭ ખાતે બે એસઆરપી જવાનો પીધેલી હાલતમાં ઝડપાયા

ગાંધીનગર, તા.૭
શહેરના સેકટર-૨૭ પોલીસ હેડ કવાર્ટર ખાતે આવેલા બેરેક બ્લોક નં. એ-૨ ખાતે બે એસઆરપી જવાનો નશાની હાલતમાં પકડાયા હતા. એસઆરપી ગ્રુપ-૪ પાવડી દાહોદની ત્રણ પ્લાટુનને હેડ કવાર્ટર ગ્રાઉન્ડ ખાતે બેરેકમાં રાખવામાં આવ્યા છે. ત્યારે અચાનક ગુરુવારના રોજ બપોરના સુમારે બ્લોક નં.એ-૨ ખાતે બે જવાનો મોટા અવાજે બુમો પાડતા હતા અને હોહા કરી મુકી હતી. જેથી ગ્રુપ-૪ના પીઆઈ વી.ડી.રાજપૂતે તપાસ કરતા એસઆરપી કોન્સ્ટેબલ બળવંતભાઈ ડામોર તેમજ વિનોદભાઈ માછી દારુ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ અંગે પોલીસ કંટ્રોલરૂમ ને જાણ કરતા બંન્ને જવાનોને સેકટર-૨૧ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જયા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. દિપેશકુમાર કિરણભાઈ દરજી, ઉ.વ. ૪૭
- સ્વ. રેવાભાઈ નરસિંહભાઈ પરમાર, ઉ.વ. ૮૦
- સ્વ. ચીનુભાઈ નારણદાસ સોલંકી, ઉ.વ. ૭૨

## ત્રણ દિવસ બજાર બંધ રહેવાનું હોવાથી વાવોલમાં ખરીદી માટે ભીડ ઉમટી



વાવોલ ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર વાવોલ વિસ્તારમાં કોરોના વાઈરસ સંક્રમણ વધે નહીં તે હેતુથી શુક્ર-શનિ-રવિ સળંગ ત્રણ દિવસ માટે વાવોલ ગ્રામ પંચાયતની હદમાં દૂધ-દવા સિવાયના તમામ વેપાર બંધ રાખવાનો આદેશ આપ્યો છે અને સાથે સાથે નાગરિકોને ઘરની બહાર નહીં નીકળવા તથા સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. વાવોલના બજારો ત્રણ દિવસ બંધ રહેવાના હોવાથી આજે સવારે ગામમાં ખરીદી માટે નાગરિકોની ભીડ ઉમટી પડી હતી જેના કારણે સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અઘરું થઈ પડ્યું હતું. જો કે આ બાબતની જાણ વાવોલ પોલીસ ચોકીએ થતાં તુરંત જ પોલીસ દ્વારા બજારમાં પેટ્રોલીંગ કરી નાગરિકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા ફરજ પાડી હતી.

# લોકડાઉનમાં સોશિયલ મીડિયાના માધ્યમથી નાગરિકોને યોગ-પ્રાણાયામની તાલીમ આપતા યોગ ગુરુ જે.સી.પટેલ

**આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકામાં પણ રોગ પ્રતિકારકશક્તિ વધારવામાં યોગ-પ્રાણાયામ ઉપયોગી હોવાનું દર્શાવ્યું છે**

ગાંધીનગર, તા.૭
કોરોના કટોકટીમાં લોકડાઉનમાં અનેક નાગરિકો પોતાની સર્જનાત્મકતા ખીલે તેવી પ્રવૃતિ અથવા પોતાના જૂના શોખને ઉજાગર કરવાનું કાર્ય કરી રહ્યા છે. આ સમય દરમ્યાન ગાંધીનગરના મોટીવેશનલ વકતા તેમજ યોગગુરુ જે.સી.પટેલ અનેક નાગરિકોને સોશિયલ મીડિયાના માધ્યમથી યોગ-પ્રાણાયામનો દરરોજ એક નવો પાઠ ભણાવી રહ્યા છે.

જ્યારથી દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ વધવા લાગ્યું છે ત્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગરિકોને લોકડાઉનના પાલન સાથે યોગ-પ્રાણાયામ કરવાનું પણ કહી રહ્યા છે અને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકામાં પણ આ



બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. દેશના વિવિધ આયુર્વેદિક નિષ્ણાતોએ અને અન્ય તબીબી નિષ્ણાતોએ પણ કોરોના વાઈરસ સામે લડવા જરૂરી રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં યોગ-પ્રાણાયામ ઉપયોગી નીવડે છે તેવી વાત કહી છે અને રાજ્ય સરકાર દ્વારા કોરોના જાગૃતિ માટે કરવામાં આવતી સતત જાહેરાતોમાં પણ યોગ-પ્રાણાયામ કરવાની સલાહ આપવામાં આવી રહી છે. ગાંધીનગરમાં જે.સી.પટેલ છેલ્લા કેટલાક વર્ષોથી યોગ-પ્રાણાયામની શિબિરો થકી તંદુરસ્ત અને આનંદી જીવન જીવવાની રીત નાગરિકોને શીખવાડી રહ્યા છે. હાલ લોકડાઉનની સ્થિતિ હોવાથી શહેરમાં યોગ-પ્રાણાયામની જાહેર શિબિરો આયોજિત કરવા પર પ્રતિબંધ છે પરંતુ જે.સી.પટેલ હવે સોશિયલ મીડિયાના મધ્યમથી નાગરિકોને યોગ-પ્રાણાયામની તાલીમ આપી રહ્યા છે. તેઓ વ્હોટ્સએપ દ્વારા દરરોજ સવારે યોગ-પ્રાણાયામનું એક આસન અથવા ક્રિયા તે કરતી પોતાની તસવીર સાથે મોકલી શીખવાડે છે. તેઓ મેસેજમાં આ આસન કે ક્રિયાને કરવાની રીત પણ લખીને મોકલે છે અને પોતે તે આસન કે ક્રિયા કરતાં હોય તેવી તસવીર પણ મોકલે છે જેના થકી નાગરિકો પોતાના ઘરે રહીને તે ક્રિયા અથવા આસન ખુબજ આસાનીથી શિખીને કરી શકે છે. આમ છતા જો કોઈને તે આસન કે ક્રિયા સમજમાં ના આવે તો તેઓ જે.સી. પટેલને સીધો કોલ કરીને માર્ગદર્શન મેળવી શકે છે.